1600 શ્રેણીની કૉલ્સ વિશે મહત્વપૂર્ણ માહિતી

જો મને 1600 થી શરૂ થતી નંબર શ્રેણીમાંથી કોલ આવે તો તેનો શું અર્થ થાય છે?

1600 થી શરૂ થતી નંબર શ્રેણીનો ઉપયોગ નિયંત્રિત નાણાકીય સંસ્થાઓ દ્વારા સેવા અને વ્યવહાર સંબંધિત કોલ્સ માટે કરવામાં આવે છે. આ ગ્રાહકોને નાણાકીય સંસ્થાઓ તરફથી આવતા અધિકૃત કોલ્સને ઓળખવામાં મદદ કરે છે.

અધિકૃત કોલને કેવી રીતે ઓળખશો?

તપાસો કે આવતો કોલ 1600 થી શરૂ થાય છે કે નહીં. જો હા, તો તે તમારા અધિકૃત નાણાકીય સેવા પ્રદાતા તરફથી આવેલ સેવા સંબંધિત કોલ છે.

કોઈ શંકા હોય તો, નાણાકીય સંસ્થાની અધિકૃત વેબસાઇટ અથવા ગ્રાહક સેવા નંબર દ્વારા કોલ કરનારની ઓળખ ચકાસો.

ડીએનડી અને યુસીસી સુરક્ષા

કોઈ વ્યક્તિ અનસોલિસિટેડ કોમર્શિયલ કોમ્યુનિકેશન (યુસીસી) થી કેવી રીતે બચી શકે?

ગ્રાહકો તમામ કોમર્શિયલ કોમ્યુનિકેશન્સ (કોલ્સ અને એસએમએસ) બ્લોક કરી શકે છે અથવા અથવા સાત ઉલ્લેખિત શ્રેણીઓમાંથી યુસીસી ને પસંદગીપૂર્વક બ્લોક કરવાનું પસંદ કરી શકે છે:

1. બેંકિંગ/વીમો/નાણાકીય ઉત્પાદનો/ક્રેડિટ કાર્ડ
2. રિયલ એસ્ટેટ
3. શિક્ષણ
4. આરોગ્ય
5. ગ્રાહકનો માલ અને ઓટોમોબાઇલ્સ
6. સંદેશાવ્યવહાર/ પ્રસારણ/ મનોરંજન/IT
7. પ્રવાસન અને લેઝર. આ 'નેશનલ કસ્ટમર પ્રેફરન્સ રજિસ્ટર' (એનસીપીઆર) માં તમારી પસંદગી નોંધાવીને કરી શકાય છે, જેને ડીએનડી રજિસ્ટ્રી તરીકે પણ ઓળખવામાં આવે છે.

એનસીપીઆર માટે નોંધણી પ્રક્રિયા શું છે?

ડીએનડી નોંધણી:

યુસીસી (અનસોલિસિટેડ કોમર્શિયલ કોમ્યુનિકેશન) ને કારણે થતી અસુવિધા ટાળવા માટે, ગ્રાહકો ટેલિકોમ સેવા પ્રદાતાની એપ્લિકેશન અથવા વેબસાઇટ, ટીઆરએઆઇ ડીએનડી એપ્લિકેશનનો ઉપયોગ કરીને અથવા '1909' પર કૉલ કરીને/એસએમએસ મોકલીને તમામ કોમર્શિયલ કોમ્યુનિકેશનને બ્લોક કરી શકે છે - અથવા તેમની પસંદગીની યોક્કસ શ્રેણીઓને પસંદગીપૂર્વક બ્લોક કરી શકે છે.

ફરિયાદ કરવાની પ્રક્રિયા શું છે?

ફરિયાદોની નોંધણી:

1. જો તમને ડીએનડી પર નોંધણી કરાવવા છતાં સ્પામ મળે તો: તમારા ટેલિકોમ સેવા પ્રદાતાની એપ્લિકેશન અથવા વેબસાઇટ, ટીઆરએઆઇ ડીએનડી એપ્લિકેશન દ્વારા અથવા '1909' પર કૉલ કરીને અથવા એસએમએસ મોકલીને ડીએનડી ફરિયાદ નોંધાવો.
2. જો તમને શંકાસ્પદ અથવા કપટપૂર્ણ સંદેશ અથવા સૂચના મળે તો: છેલ્લા 30 દિવસમાં ટેલિકોમ્યુનિકેશન વિભાગ (ડીઓટી) ના 'ચક્ષુ' પ્લેટફોર્મ પર મળેલા કોઈપણ શંકાસ્પદ કપટપૂર્ણ સંદેશાવ્યવહારની જાણ https://sancharsaathi.gov.in/sfc/ પર કરો.
3. જો છેતરપિંડી અથવા સાયબર ક્રાઇમ પહેલાથી જ થઈ ચૂક્યો હોય: જો તમે પહેલાથી જ નાણાકીય છેતરપિંડીને કારણે પૈસા ગુમાવ્યા હોય અથવા સાયબર ક્રાઇમનો ભોગ બન્યા હોવ, તો સાયબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર '1930' પર અથવા વેબસાઇટ https://www.cybercrime.gov.in પર ઘટનાની જાણ કરો.